# <u>શ્રી ક્ષત્રિય એસોશિએશન યુ.કે</u>
# <u>૧૭ સપ્ટેમ્બર ૨૦૦૬ના રોજે આયોજીત વાર્ષિક</u>
# <u>સામાન્ય સભાની મિનિટસનો સારાંશ</u>

સ્થળઃ એસ કે એ હોલ, ૨ એ વીલીઅર્સ રોડ                                  સમયઃ સાંજના ચાર વાગે
સભાના અધ્યક્ષ ઃ અનિલ હઝરતવાલા
મિનિટસ ઃ જીતેન્દ્ર ઠાકોરલાલ
સભા ચાલુ થઇ ત્યારે હાજર સદસ્યોની સંખ્યા ઃ **૫૯**
સભામાં હાજર સદસ્યોની કુલ સંખ્યા ઃ **૭૫**

મુદ્દાઓ ઃ ન્યુઝલેટરમાં છાપ્યા મુજબ
૧. ગત વર્ષની મિનિટસની મંજુરી
૨. ૩૧માર્ચ ૨૦૦૬ના એકાઉન્ટસની મંજુરી
૩. ઓડીટર્સની નિમણુંક
૪. જ્ઞાતિજનો માટે તૈયાર થતી પ્રશ્નાવલી વિશે ચર્ચા વિચારણા
૫. વાર્ષિક સભ્ય ફી બદલાવ વિશે પ્રસ્તાવ, ચર્ચા વિચારણા
૬. અન્ય વિષયો.

## <u>૧. ગત વર્ષની મિનિટસની મંજુરી</u>

અનિલ હઝરતવાલા એ સભાની શરૂઆત કરતા સર્વે જ્ઞાતિજનોનું સ્વાગત કર્યુ. ગત વર્ષની ઈજીએમની મિનિટસ કેવા સંજોગોમાં તૈયાર કરવામાં આવી હતી એ વાતનો ખુલાસો કર્યો. ટેપ સાંભળી ને તૈયાર કરવામાં આવેલ મિનિટસમાં જો કોઈ ભુલ હોયતો તે બાબતમાં કમિટિનું ધ્યાન દોરશો.

ઈજીએમની મિનિટસનું વાંચન ભાવિન ખત્રી એ કર્યુ હતું.

હીતેશ હઝરતવાલા એ કહયું કે બે ઠરાવો એકની નીચે એક હોવા જોઈએ જે વાતથી સુધીર ખત્રી સહમત થયા હતા.

જીતેન્દ્ર ઠાકોરલાલે જણાવ્યું કે આ મિનિટસ જેમ કારવાહી થઇ હતી તે પ્રમાણે તૈયાર કરવામાં આવી છે. કોઈ પણ જાતની નોંધ ન હતી અને ટેપ સાંભળી ને તૈયાર કરવામાં આવી છે. આ મિનિટસની જ્વાબદારી પુર્વ કમિટિની હતી.

નવીન વખારીઆએ આ મિનિટસને તૈયાર કરવામાં ૧૧ મહિના કેમ લાગ્યા હતા એ પ્રશ્ન પુછયો હતો. જેના જ્વાબમાં અનિલ હઝરતવાલા એ જણાવ્યું કે આ કમિટિએ તેમની કાર્યવાહી જાન્યુઆરી મહિનાથી શરૂ કરી હતી અને મિનિટસ તૈયાર નથી એ વાતથી હાલમાં જ વાકેફ થઇ હતી.

મુકેશ ખત્રીએ ભવિષ્યમાં એજીએમ તથા ઈજીએમની મિનિટસને ન્યુઝલેટરમાં છાપવા અરજ કરી હતી જેથી જ્ઞાતિજનો શાંતિથી તેનો અભ્યાસ કરી શકે.

જીતેન્દ્ર ઠાકોરલાલે મુકેશ ખત્રીની વાતોથી સહમત થતા કહયું કે એજીએમ, ઈજીએમની તથા કમિટિની મિટીંગની મિનિટસને પણ જ્ઞાતિજનોને ઉપલબ્ધ કરવી જોઈએ તથા એસકેએની વેબ સાઇટ પર પણ મુકવી જોઇએ.

કાંતિલાલ જાદવે મિનિટસનું વાંચન ગુજરાતીમાં કેમ ના કરવામાં આવી એવો પ્રશ્ન કરતા અનિલ હઝરતવાલા એ જણાવ્યું કે અંગ્રેજી મિનિટસ આગલે દિવસે જ તૈયાર થઇ હોવાથી સમયના અભાવ થકી આ સંભવ નથી થયું. ભાવિન ખત્રીએ ઉમેર્યુ કે તે આવતી મિનિટસને ગુજરાતીમાં તૈયાર કરવાની તકેદારી કરશે. એમણે અમુક કાયદાના શબ્દોનું ગુજરાતીમાં ભાષાંતર કરવું કઠિન હોય છે એમ કહયું. કાંતિલાલ જાદવે કહયું કે તો આ એજીએમ નું આયોજન નહોતું કરવું અને આ મિનિટસને પસાર કરવી ના જોઈએ. તેમણે ઈજીએમના ઠરાવો ગુજરાતીમાં કેમ નહોતા છાપ્યા એવો સવાલ કર્યો હતો. ચંદ્રકાંત દમણીઆએ આ ઠરાવો ન્યુઝલેટરમાં છપાયા હતા એ વાતનો ખુલાસો કર્યો. અનિલ હઝરતવાલાએ આ ઠરાવો ન્યુઝલેટરમાં છપાવીશું એમ કહયું. અંતમાં ઈજીએમી મિનિટસને હરેન્દ્ર ખત્રી, મહેન્દ્ર ગોહિલ અને રાજેન્દ્ર કાપડીઆએ પસાર કરી હતી.

## ૨. ૩૧માર્ચ ૨૦૦૬ના એકાઉન્ટસની મંજુરી

અનિલ હઝરતવાલાએ જણાવ્યું કે એક મેમ્બરે આજના એકાઉન્ટસ કદાચ નવા કાયદા સોર્પ પ્રમાણે નથી એવું કહયું છે. કમિટિ આ બાબત વિશે ઓડીટર્સની પાસેથી વધુ માહિતી માંગી રહી છે. તેમ છતાં અનિલ હઝરતવાલાએ ઉપસ્થિત જ્ઞાતિજનોને એકાઉન્ટસના આંકડાને મંજુર કરવા દરખાસ્ત કરી કેમકે માત્ર એકાઉન્ટસનું માળખું બદલાશે નહીં કે આંકડા.

મુકેશ ખત્રી એ કહયું કે કદાચ આંકડા પણ બદલાય માટે વધુ માહિતી વગર એકાઉન્ટસ પાસ કરવા એ ઉચિત ના ગણાય. ઓડિટર્સે તેમની ફરજ બરોબર નથી બજાવી. મુકેશ ખત્રીએ સંપુર્ણ એકાઉન્ટની કોપી સર્વે જ્ઞાતિજનોને કેમ નથી આપવામાં આવતી એવો પ્રશ્ન પુછયો.

હીતેશ હઝરતવાલાએ જણાવ્યું કે કોઇ જ્ઞાતિજન ને આ જોવાની ઈચ્છા નથી અને એ વ્યર્થ નથી.

સુધીર ખત્રીએ એકાઉન્ટસ, માત્ર આંકડા, પસાર કરવા પ્રસ્તાવ મુકયો જે વાતથી મોટા ભાગના જ્ઞાતિજનો સહમત હતા.

રમણલાલ ખત્રી એ શું ડેસીગ્નેટેડ ફંડ બેંક એકાઉન્ટમાં મુકવામાં આવ્યું છે એવો પ્રશ્ન પુછયો.

અનિલ હઝરતવાલાએ જણાવ્યું કે એ ગત ઈજીએમની મિનિટસ હમણાં જ તૈયાર કરવામાં આવી હોવાથી કમિટિ આ વાતથી વાકેફ ન હતી અને આથી હજુએ ફંડ માટે એકાઉન્ટ નથી ખોલવામાં આવ્યું. સંસ્થાના ખજાનચી અનિલ જાદવ આ બાબતમાં કાર્ય કરી રહયા છે.

પ્રકાશ જરીવાલાએ એકાઉન્ટસ ની માહિતી આપતા જણાવ્યું કે
૧. આગલા વર્ષોમાં રમત ગમતનું ભંડોળ અલગ બતાડવામાં આવતું જે ઓડીટર્સની સલાહથી હવે જનરલ ફંડમાં ઉમેરવામાં આવ્યું છે.
૨. ડોનેશનમાં ઘટાડો થયો છે.
૩. ટેલીફોન ડીરેકટરીની પ્રીટિંગની કોસ્ટ દેખાડવામાં આવી છે.
૪. ત્રણ થી ચાર સોશિયલ ઇવનીંગ નહોતી કરવામાં આવી આથી તેમાંથી મળતી આવકમાં ઘટાડો થયો છે.
૫. બ્લેકપુલ કોચ ટ્રીપ માં ઘણી સ્બસીડી આપી હોવાથી આ ટ્રીપમાં નુકસાન થયું છે.
૬. બેલેન્સ શીટ સમજાવી હતી અને વાર્ષિક રીપોર્ટ છપાવવા માટે ઘણું ભંડોળ રાખવામાં આવ્યું છે.

રમણલાલ ખત્રી એ મેમ્બરશીપ ફી રકમમાં £૧ની ભુલ છે એમ જણાવતા પ્રકાશ જરીવાલાએ ભુલ નથી એવું આસ્વાસન આપી સમજાવ્યું.

બહુમતીથી, ઉપસ્થિત જ્ઞાતિજનોએ ભવિષ્યમાં સંપુર્ણ એકાઉન્ટની કોપી આપવા સહેમત થયા હતા.

નવીન વખારીઆએ ટેલીફોન ડીરેકટરી વિશે કેટલી ડીરેકટરી છપાવી, કેટલી મફતમાં આપી, કેટલી બાકી છે એ માહિતી માંગી. પ્રકાશ જરીવાલાએ જણાવ્યું કે ૩૫૦ ડીરેકટરી છપાવવામાં આવી હતી, જેમાંથી ૨૮૦ ઘરોમાં મફત આપવામાં આવી છે, પણ ૭૦ ઘરવાળાઓએ હજુ નથી લીધી. ૧૪ એડર્વટાઇઝરોને મફતમાં આપવામાં આવી હતી, ૫૬ ડીરેકટરી બાકી છે.

નવીન વખારીઆએ £૫ પ્રતિની કેટલી કોપી વહેંચી છે? અને શું આ વસ્તુનો કમિટિના સદસ્યોએ રેકોર્ડ રાખ્યો છે? પ્રકાશ જરીવાલાએ જણાવ્યું કે થોડી કોપી હાલમાં વેંચવામાં આવી છે અને આનો હિસાબ આવતા વર્ષના એકાઉન્ટસમાં દેખાડવામાં આવશે. અનિલ જાદવે કહયું કે ગયા વર્ષે એક પણ ડીરેકટરી નહોતી વેંચાય. નવીન વખારીઆએ કહયું કે તેમની પાસે ૧૫ નામો છે જેમણે ડીરેકટરી ખરીદી છે. અનિલ હઝરતવાલાએ નવીન વખારીઆને તે નામોનું લીસ્ટ આપવા કહયું અને તે આ વાતનો હિસાબ તપાસી જાણ કરશે

મહેન્દ્ર ગોહીલે મંડળના હોલની કિંમત ઓછી થતી શું કામ બતાડી છે એવો પ્રશ્ન પુછતા પ્રકાશ જરીવાલાએ જણાવ્યું કે સ્થાયી મિલતની કિંમત ઓછી થતી બતાડવી એ એકાઉન્ટીંગ પ્રેકટીસ છે.

પ્રવિણ જરીવાલાએ સ્કાયના ફંડમાં કંઇ બદલાવ કેમ નથી એમ પુછતા પ્રકાશ જરીવાલાએ જણાવ્યું કે આ સંજોગવસાત સરખા છે.

હીતેશ હઝરતવાલાએ કહયું કે સ્કાયના એકાઉન્ટસ જે હજુ ડ્રાફટ ફોર્મમાં છે અને જે એસકેએના એકાઉન્ટસમાં શામીલ કરવામા આવે છે તો પહેલા તેને ઓડીટર્સ પાસે મંજુરી મેળવવી જોઇએ નહીં તો તેમાં જો કોઇ પરિવર્તન થાય તો એસકેએના એકાઉન્ટસમાં પણ સુધારો કરવો પડે.

પ્રકાશ જરીવાલાએ જણાવ્યું કે સ્કાયના એકાઉન્ટસ છેલ્લા ડ્રાફટમાં છે અને તે કોઇ બદલાવ થાય એમ નથી માનતા.

ભાવિન ખત્રી એ સભાસદોને એકાઉન્ટસ (માત્ર આંકડા અને સોર્પના નિયમોને આધારીત હોય તેવી ખાતરી ઓડીટર્સ આપે તો) ને મંજુરી આપવા દરખાસ્ત કરી.

સુધીર ખત્રી અને નરેશ શાંતિલાલ કાપડીઆએ એકાઉન્ટસને મંજુરી આપી (ઉપરની શરત પ્રમાણે).

(આ મીટિંગ બાદ ઓડીટર્સે એકાઉન્ટસ સોર્પના નિયમોને આધારેજ તૈયાર કર્યા છે એવું જણાવ્યું હતું)

**<u>ઓડીટર્સની નિમણૂંક</u>**
ભાવિન ખત્રી એ સભાને આ મુદ્દાની શરૂઆત કરતા પુછયું કે શું ગોર્ડન ફ્રેન્ટન અન્ડ કો ની ઓડીટર્સ તરીકે નિમણૂંક કરવી જોઇએ?

સુધીર ખત્રીએ સોર્પ જેવા નવા નિયમોનું પાલન કરવામાં જો ગોર્ડન ફ્રેન્ટન અન્ડ કો એ ભુલ કરી હોય તો તેમની ફરી નિમણૂંક કરતા પહેલા વિચાર કરવો જોઇએ.

બીજો કોઇ ઓડીટર્સને નિમવા જશું તો તેમની ફી ઘણી જ હશે એવું અનિલ હઝરતવાલાએ કહયું જે વાતથી મુકેશ ખત્રી સંપુર્ણ રીતે સહમત ન હતા.

રાજેન્દ્ર કાપડીઆ અને ચંદ્રકાંત એડનવાલાએ ગોર્ડન ફ્રેન્ટન અન્ડ કો ની ઓડીટર્સ તરીકે નિમણૂંક કરવા તરીકે પોતાની હા કહી હતી. અનિલ હઝરતવાલાએ એકાઉન્ટસ તૈયાર કરવામાં પ્રકાશ જરીવાલાની મહેનતની દાદ આપી હતી અને તેમનો આભાર માન્યો હતો.

**<u>વાર્ષિક સભ્ય ફી માં ફેરફાર</u>**
ભાવિન ખત્રી એ સભાને આ મુદ્દાની શરૂઆત કરતા કહયું કે ૧૯૯૦ના દાયકાના મધ્યથી મેમ્બરશીપ ફી માં કોઇ જાતનો ફેરફાર કરવામાં નથી આવ્યો. દર વર્ષે ડોનેશનનો આંકડો ઘટતો જાય છે. અમુક મેમ્બરો હંમેશા દાન આપતા હોય છે જયારે અમુક દાન નથી આપતા. સંસ્થાની સ્થાયી આવક વધારવા માટે મેમ્બરશીપ ફી £૫ થી £૧૫ વધારવાનો પ્રસ્તાવ તેમણે મુકયો.

અનિલ હઝરતવાલાએ સભાને સભ્ય ફી વધારવા માટેના તેમના કારણો સમજાવતા કહયું કે સંસ્થા મંડળના હોલમાં ઘણા સુધારા (જેમકે એર કંડીશન, નવું કીચન, નવો ગેટ, વગેરે ) કરવા માંગે છે અને ફી વધારવાથી સંસ્થાને મળતા ભંડોળ માં સમગ્ર સભ્યો સરખું યોગદાન આપશે. ભવિષ્યમાં સ્ટેનડીંગ ઓર્ડર કે ડાયરેકટ ડેબીટ જેવી સુવિધા પણ આપવી જોઇએ.

કંતિલાલ જાદવે લાઇફ મેમ્બરશીપ ફીનો ઉલ્લેખ કેમ નથી કરવામાં આવ્યો એવું પુછયું. શું કમિટિ એ આ બાબત માટે પોતાના વિચારો બદલી નાખ્યા? તેમણે ઉમેર્યુ કે આપણી જ્ઞાતિમાં લગભગ ૧૧૦૦ સદસ્યો છે અને અહીં માત્ર ૬૦ જેટલા જ સદસ્યો હાજર છે તો આવા વિષય ઉપર બહોળા સમુદાયના વિચારો પણ જાણવા જોઇએ.

ભાવિન ખત્રી એ પહેલા સભ્ય ફી વિશે ચર્ચા કરીએ અને પછી લાઇફ મેમ્બરશીપ એવું કહયું.

પ્રવિણ જરીવાલાએ એવો પ્રસ્તાવ મુકયો કે સંસ્થા દ્વારા આયોજીત સર્વે મુખ્ય કાર્યક્રમોની કિંમત કેટલી થાય છે તે ધ્યાનમાં લઇને ફી કેટલી રાખવી જોઇએ તે નકકી કરીએ તો વધુ યોગ્ય ગણાય.

જીતેન્દ્ર ઠાકોરલાલે સંસ્થા દ્વારા ચેરીટેબલ કાર્યોમાં વધારો કરવાની જરૂર છે અને તેના થકી થનાર વધારાના ખર્ચા પર પણ આપણે આ તબકકે ધ્યાન આપવું જોઇએ. અને થનાર પરિવર્તન એપ્રિલ ૨૦૦૭થી થવું જોઇએ.

હીતેશ હઝરતવાલાએ કહયું કે સર્વે જ્ઞાતિજનોને પુછવા જશું તો સહમતી નહીં મળે. આ વાતનો નિર્ણય કમિટિએ લેવો જોઇએ.

પ્રકાશ જરીવાલાએ કહયું કે સંસ્થાના સર્વે કાર્યક્રમો નો ખર્ચો તેના આયોજનમાં મળતી આવકથી થઇ રહે છે અલબત ઘણીવાર થોડો નફો પણ થાય છે. રોજીંદી કાર્યવાહી માટે હાલની સદસ્ય ફી પુરતી છે. માટે ફીમાં કોઇ પરિવર્તન કરવાની જરૂર નથી. હીતેશના સુઝાવથી સહમત થતા કહયું કે આ મુદ્દા માટે જ્ઞાતિજનોને પ્રશ્નાવલી મોકલાવાથી કોઇ લાભ નથી મળવાનો.

આપણા બંધારણ પ્રમાણે આવા વિષયોનો નિર્ણય એજીએમ કે ઇજીએમમાં લઇ શકાય છે એમ અનિલ હઝરતવાલાએ સમજાવ્યું. એમણે કહયું કે સર્વે જ્ઞાતિજનોને આ સભામાં આવી પોતાના વિચારો રજુ કરવાની છુટ છે અને જો આપણે આ વિશે આજે કોઇ નિર્ણય નહીં લઇએ તો આ વાતનો નિકાલ નહીં આવે.

હરીવદન ગોહીલે પોતાના વિચારો રજુ કરતા કહયું કે આજે વર્ષોથી એજીએમમાં માત્ર થોડા જ્ઞાતિજનોજ હાજર હોય છે. જે લોકો અહીં આવી પોતાના વિચારો રજુ કરવા તૈયાર નથી તેમના માટે રાહ જોવાની કોઇ જરૂર નથી. આ વાતનો નિર્ણય આજે જ લેવાવો જોઇએ. સંસ્થાને હંમેશા ભંડોળની જરૂર પડવાની જ છે. તેમણે સભ્ય ફી £૭.૫૦ કરવાનું સુચન આપ્યું.

આપણી પાસે આટલું ભંડળ છે તેમ છતાં આપણે સભ્ય ફી વધારવાની વાત કરી રહયા છે એ તર્ક એમને નથી સમજાતું એવું મુકેશ ખત્રી એ કહયું. સંસ્થાના હોલમાં સુધારણા થાય તેની અને સભ્ય ફી વધારવાની વાતને કોઇ કનેકશન નથી. ભેગું થયેલ ભંડોળ ચેરીટીના કામો વપરાવું જોઇએ.

હીતેશ હઝરતવાલાએ પુછયું કે શું સંસ્થા આ વર્ષે નુકશાન કરશે? તો અનિલ હઝરતવાલાએ કહયું કે આપણે હંમેશા કરતા પણ વધુ ખર્ચો કરીશું તો પણ નફો થશે. એમણે આ મુદ્દા પર આજે નિર્ણય લેવો છે કે મુલ્તવી રાખવો છે એ પ્રશ્ન પુછયો.

પ્રકાશ જરીવાલાએ ફરી એકવાર કહયું કે સભ્ય ફી જે છે તે જ રાખવી જોઇએ. છેલ્લા અમુક વર્ષોથી આપણી પાસે ભેગું થયેલ ભંડોળ આપણને સમસ્યા આપી રહયું છે તો શા માટે આપણે આવકને વધારવી છે.

ભાવિન ખત્રી એ સભાજનોને શું આ વિષય પર વોટ લેવો એવો પ્રશ્ન કર્યો.

સુધીર ખત્રી એ કહયું કે મેમ્બરશીપ ફી વધારવી જોઇએ કેમકે જ્ઞાતિજનોની આવક પણ વધી છે. તેમના મંતવ્યમાં ફી £૧૦ કરવી જોઇએ.

મહેન્દ્ર ગોહીલે કહયું કે ૧૯૬૦માં સભ્ય ફી £૨.૫૦ હતી તો સભ્ય ફી તાત્કાલીક £૧૦ કરવી જોઇએ અને બીજા પાંચ વર્ષ પછી £૧૫ કરવી જોઇએ.

ભાવિન ખત્રી એ સભાજનોને આ વિષય પર વોટ કરવા કહયું.

૧. સભ્ય ફી નો વધારો £૧૫ કરવો. આ માટે ૭૫ હાજર સભ્યોમાંથી માત્ર **૧૪** જણા તેની તરફેણમાં હતા.
૨. સભ્ય ફી નો વધારો £૧૦ કરવો. આ માટે ૭૫ હાજર સભ્યોમાંથી **૫૨** જણા તેની તરફેણમાં હતા.

આથી આવતા વર્ષથી સભ્ય ફી £૧૦ કરવામાં આવશે. આ ફી ૨૦૦૮ ના ફેબ્રુઆરી માર્ચ ના ઉઘરાણામાં લેવામાં આવશે.

અનિલ હઝરતવાલાએ કહયું કે જે જ્ઞાતિજન સભ્ય ફી નહીં આપે તેને સંસ્થા દ્વારા આયોજીત પ્રોગ્રામોમાં આવવા દેવામાં નહીં આવે અને તેઓને કોઇ વોટનો અધીકાર નહીં હોય તથા તેઓને ન્યુઝ લેટર પણ નહીં મોકલવામાં આવશે. આ વાત ન્યુઝ લેટરમાં છાપવામાં આવશે.

<u>જ્ઞાતિજનો પર મોકલવાની પશ્નાવલિ</u>

અનિલ હઝરતવાલાએ કહયું કે અમે સર્વે જ્ઞાતિજનો પર એક પ્રશ્નાવલિ મોકલવા માંગીએ છીએ જેથી સર્વેનો અભિપ્રાય લઇ સંસ્થાના કાર્યો કરી શકીએ અને અમને આ બાબતસર લોકોનો વધુ પ્રતિસાદ મળે તે માટે શું પગલાં લેવા જોઇએ તે વિશે તમોના વિચાર માંગીએ છીએ.

પ્રકાશ જરીવાલા, મુકેશ ખત્રી, હરીવદન ગોહીલ અને પ્રવિણ જરીવાલા સહતિ ઘણા જ્ઞાતિજનોનું મંતવ્ય હતું કે ભુતકાળમાં આવા સર્વેમાં પ્રતિસાદ ઘણો નબળો રહયો હોવાથી આ કરવાની કોઇ જરૂર નથી.

અનિલ હઝરતવાલાએ કહયું કે તો આ પ્રસ્તાવ અમે પાછો ખેંચીએ છીએ અને કમિટિ તેમને ઉચિત લાગે તેમ કામ કરતી રહેશે.

<u>**અન્ય વિષય**</u>

નવીન વખારીઆએ કાર્યવાહીનું મેન્યુલ અને સ્ટેંડીંગ ઓર્ડર વિશે કમિટિએ શું પ્રગતિ કરી છે એ જાણવા માંગ્યું. અનિલ હઝરતવાલાએ કહયું કે આ વિષય કારોબારી કમિટિની અંદરની વાત છે અને હજુ તૈયાર કરી રહયા છીએ. જ્યારે તૈયાર થશે ત્યારે કમિટિ એને પ્રકાશિત કરશે.

કાંતિલાલ જાદવે છેલ્લા આઠ વર્ષના વાર્ષિક રીપોર્ટ હજુ કેમ પ્રકાશિત નથી કર્યા તે જાણવા માંગ્યું. હજુ કેટલો સમય લાગશે અને આ કમિટિની જ્વાબદારી છે એ યાદ અપાવ્યું.

હીતેશ હઝરતવાલાએ કહયું કે રિપોર્ટ નું પ્રકાશન વર્ષોથી થતું આવ્યું છે અને ખાલી ટુંકાણમાં જ આ બહાર પાડવા જોઇએ.

ચંદ્રકાંત દમણીઆએ કહયું કે રિપોર્ટમાં આવતી મોટા ભાગની માહિતીઓ ન્યુઝ લેટરમાં છાપવામાં આવતી જ હોય છે. રિપોર્ટ માટે એ બધી માહિતીઓ ભેગી કરવાની જરૂર છે. આ વાત ઘણોજ સમય માંગી લેતી હોય છે. ભારતમાં પણ હવે ટુંકાણમાં જ રિપોર્ટ બહાર પાડે છે.

કાંતિલાલ જાદવે કમિટિને એવી કેવી મુશ્કેલીઓ પડી છે તેનું નિવેદન તેમણે જ્ઞાતિજનો સમક્ષ કરવું જોઇએ. રિપોર્ટ એ કમિટિની જ્વાબદારી છે અને આઠ વર્ષનો વિલંબ બહુ લાંબો કહેવાય. રિપોર્ટ એ સંસ્થા માટે મુળભૂત ગણાય છે.

પ્રવિણ જરીવાલાએ કહયું કે તેમણે અમુક વર્ષોના રિપોર્ટ તૈયાર કરેલા છે પણ માજી કમિટિએ તેમને, પત્રો લખવા અને મૌખિક રીતે પુછવા છતાં, પુરતી માહિતી પુરી નથી પાડી

અનિલ હઝરતવાલાએ કહયું કે તેમનું મંતવ્ય છે કે છેલ્લા બે વર્ષના રિપોર્ટ બહાર પાડીએ. નવીન વખારીઆએ પુછયું કે પ્રવિણ જરીવાલાને માહિતી કેમ પુરી પાડવામાં નહોતી આવી? ચંદ્રકાંત દમણીઆએ કહયું કે કોઇએ માહિતી આપવા ના નથી પાડી.

પ્રકાશ જરીવાલાએ કહયું કે આ સમસ્યાનો હલ લાવવા એમના હિસાબે માત્ર આ વર્ષનો જ રિપોર્ટ તૈયાર કરવો જોઇએ. રિપોર્ટ ઘણું જ કામ માંગી લે છે અને કમિટિ માટે આ અગ્રતાનો પ્રશ્ન નથી.

ભરત વખારીઆએ કહયું કે જો આપણે યુવા વર્ગને મંડળમાં આવી કામ કરવા પ્રોત્સાહન આપવા માંગતા કોઇએ તો કમિટિનું કામ ઓછું થાય તેવા પગલાં ભરવા જોઇએ. ઘણા દેશોમાં હવે રિપોર્ટ પ્રકાશિત નથી કરવામાં આવતા.

**અંતમાં બહુમત હાજર સદસ્યોએ એવું નકકી કર્યુ કે માત્ર એકજ વર્ષનો રિપોર્ટ, તે પણ ટુંકાણમાં, બહાર પાડવામાં આવશે.**

મહેન્દ્ર ગોહિલ - સોશીયલ ઇવનીંગ છેલ્લા દસ વર્ષથી ચાલતી આવી છે અને ચાલુ રહેવી જોઇએ. પણ જો જ્ઞાતિજનો કમિટિના સદસ્યોને સહકાર નહીં આપે તો તેઓ ચાલુ નહીં રાખી શકે.

અનિલ હઝરતવાલા - સોશીયલ ઇવનીંગ જ્ઞાતિજનોમાં ઘણો જ મનગમતો પ્રોગ્રામ છે પણ તે માટેનું બધું કામ કમિટિના મેમ્બરો, ખાસ કરી ને એક કે બે સભ્યો, ના ખભે હોય છે જે ખોટું કહેવાય.

ચંદ્રકાંત દમણીઆ - છેલ્લા દસ વર્ષથી અમે આ માટે ઘણું જ કામ કર્યુ પણ હવે શરીર સાથ નથી આપતું અને આશા કરૂં કે જ્ઞાતિજનો આગળ આવી અમને મદદરૂપ થાય જેથી અમે સોશીયલ ઇવનીંગ ચાલુ રાખી શકીએ.

ભરત વખારીઆ - સોશીયલ ઇવનીંગ જ્ઞાતિજનોમાં ઘણી જ પોપ્યુલર છે અને તે મિત્રો, પરદેશથી પધારેલ મહેમનોને મળવા માટેનું સરસ માધ્યમ છે. આની તૈયારી આગલા દિવસથી ચાલુ થાય છે અને તે દિવસે ત્રણ જણાની જરૂર પડે છે.

તેમણે જ્ઞાતિજનોને પોતાના નામો સંસ્થાના સેક્રેટરીને આપવા જણાવ્યું જેથી જ્ઞાતિજનોના સહકારથી આ ચાલુ રાખી શકાય.

હરેન્દ્ર ખત્રી એ હજુ નવરાત્રીની તારીખ કેમ બહાર નથી પાડવામાં આવી એવો પ્રશ્ન કર્યો.

મહેશ ખત્રી - હાલમાં સંસ્થા દ્વારા આયોજીત સ્કેન્ડા વેલની ટ્રીપમાં તેમનાં પરિવારના અમુક સદસ્યોને કેમ આવવા માટે ના પાડવામાં આવી હતી?

અનિલ હઝરતવાલા - આ નિર્ણય કમિટિએ નથી લીધો પણ જે હંમેશા કરતા આવ્યા છે તે જ વસ્તુનું પાલન કરવામાં આવ્યું છે. આ બંધારણનો પ્રશ્ન છે. આ વિષય પર એજીએમમાં ચર્ચા થવી જોઇએ. પર ન્યાતમાં પરણેલ બાળકોના પરિવાર (જેમકે સાસુ સસરા )ને એસકેએ આયોજીત પ્રોગ્રામોમાં આવવા દેવામાં નથી આવતા.

મહેશ ખત્રી -તો બીજાના પરિવારના આ રીતના સદસ્યોને શું કામ આવવા દેવામાં આવ્યા હતા?

જીતેન્દ્ર ઠાકોરલાલ - કે જેઓ સ્કેન્ડા વેલ માટેની ટિકિટના જ્વાબદાર હતા, એમને નહોતી ખબર કે તમારી બુકિંગની દરખાસ્ત કમિટિ ના સદસ્યોએ ના પાડી છે. તથા તેમણે કોઇ એવું બુકિંગ પણ લીધું હતું જેઓ આવવા માટે હકદાર ન હતા તે વાતથી પણ અજાણ હતા.

મહેશ ખત્રી - તો ભૂતકાળમાં આપણે શા માટે પર કોમના લોકોને આપણા કાર્યક્રમોમાં આવવા દીધા હતા અને શા માટે આપણે પરકોમ પાસેથી દાન પણ સ્વીકાર્યું? હું ખત્રી સમાજ છોડીને જતો રહીશ.

મહેન્દ્ર ગોહિલ - કોણે એમને આવવા માટે ના પાડી હતી?

જીતેન્દ્ર ઠાકોરલાલ -મને આ બાબતસર આજ સુધી કોઇ માહિતી ન હતી. આ બંધારણનો પ્રશ્ન છે.

અનિલ હઝરતવાલા - આ સમસ્યા પર વિચાર કરવો પડશે અને એમના મંતવ્ય પ્રમાણે આવતી એજીએમમાં આ વિશે ફરી ચર્ચા કરવામાં આવે.

મુકેશખત્રી - કમિટિ આ વિષયમાં કાયદાકીય અને પ્રોફેશનલ સલાહ લે અને જ્ઞાતિજનો પર એ વિશે વધુ માહિતી પ્રદાન કરે.

અંતમાં આ મુદ્દો આવતી એજીએમમાં ચર્ચાશે અને પછી જ આ બાબત પર નિર્ણય લેવાશે. તથા કમિટિ કાયદાકીય સલાહ લેશે.

અનિલ હઝરતવાલાએ ૪૭ માં મહોત્સવના પ્રમુખ શ્રીમાન અમ્રતલાલ ગોવિંદ ખત્રી છે અને મહોત્સવ બ્રેંટ ટાઉન હોલ માં છે એવી જાહેરાત કરી.

ભાવિન ખત્રીએ નવારાત્રી તથા દિવાળીની તારીખો અને સ્થળ જાહેર કર્યા. અંતમાં સાંજે ૭.૩૬ વાગે મિટિંગ સમાપ્ત થઇ.
ઉપરનું લખાણ એજીએમની ઘટનાનું સાચું નિરૂપણ છે જે ઓડીઓ ટેપ તથા નોટસમાંથી તૈયાર કરવામાં આવ્યું છે.

મંજુરી આપનારઃ ............................
અનિલ મોહનલાલ હઝરતવાલા - પ્રમુખ

મંજુરી આપનારઃ ............................
કિરણ નરહરી કાપડીઆ - મંત્રી